


**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# કાચની લખોટી અને સાચો મિત્ર

એક નાનકડા, પહાડો અને લીલાછમ ખેતરોથી ઘેરાયેલા શાંત ગામમાં શિવ અને દેવ નામના બે બાળકો રહેતા હતા. બંને એક જ શેરીમાં મોટા થયા હતા, એક જ શાળામાં ભણતા અને દિવસનો મોટાભાગનો સમય સાથે જ વિતાવતા. ગામના લોકો કહેતા કે આ બે બાળકો જુદા છે પણ એમનો જીવ એક છે.

શિવે લાંબા સમયથી કાચની રંગબેરંગી લખોટીઓ ભેગી કરી હતી. એની પાસે નાની-મોટી, પારદર્શક અને લાલ-લીલા પટ્ટાવાળી અદ્ભુત લખોટીઓનો એક મોટો સંગ્રહ હતો. શિવ માટે આ લખોટીઓ માત્ર રમતનું સાધન નહોતી, પણ એનો સૌથી કિંમતી ખજાનો હતી. બપોરના તડકામાં જ્યારે એ લખોટીઓને હાથમાં પકડતો, ત્યારે તે હીરાની જેમ ચમકતી અને શિવ કલાકો સુધી તેને જોયા કરતો.

બીજી તરફ, દેવના ઘરે તેના કાકા શહેરમાંથી અવારનવાર સ્વાદિષ્ટ મીઠાઈઓ અને જાતજાતના રંગબેરંગી ચિત્રકાર્ડ્સ લાવતા. દેવ પોતાની પાસેની મીઠાઈઓ અને ચિત્રો હંમેશા શિવ સાથે વહેંચીને જ ખાતો અને રમતો.

એક સાંજે, ગામના લીમડાના ઝાડ નીચે બંને રમી રહ્યા હતા. શિવે પોતાની પોટલીમાંથી બધી જ લખોટીઓ બહાર કાઢી. તડકામાં ચમકતી એ લખોટીઓ જોઈને દેવની આંખો ખુશીથી ચમકી ઉઠી.




એ જ વખતે શિવના મનમાં એક વિચાર આવ્યો. તેણે દેવને કહ્યું, "દોસ્ત! તારી પાસે આટલી સરસ અને મીઠી-મીઠી વાનીઓ છે. જો તું મને તારી બધી જ મીઠાઈઓ આપી દે, તો હું તને મારી આ બધી જ કાચની સુંદર લખોટીઓ આપી દઈશ."

દેવના મનમાં કોઈ છળ કે કપટ નહોતું. તેણે શિવ તરફ જોયું, એક મીઠું સ્મિત આપ્યું અને કહ્યું, "હા શિવ, મને તારી સાથે વસ્તુઓ વહેંચવી બહુ ગમે છે." દેવે પોતાની પાસે રહેલું મીઠાઈનું આખું પાત્ર શિવના હાથમાં મૂકી દીધું. તેણે પોતાના માટે એક નાનો ટુકડો પણ બાકી ન રાખ્યો.

**શિવના મનમાં સ્વાર્થ અને લાલચ આવી ગયા. તેણે સંગ્રહમાંથી સૌથી મોટી, ગોળ અને અદ્ભુત ચમક ધરાવતી એક કાળી-લીલી રંગની લખોટી ચૂપકેથી પોતાના ખિસ્સામાં સંતાડી દીધી. બાકીની બધી લખોટીઓ તેણે દેવને આપી દીધી**

પણ બધી લખોટીઓ આપતી વખતે શિવના મનમાં સ્વાર્થ અને લાલચ આવી ગયા. તેણે સંગ્રહમાંથી સૌથી મોટી, ગોળ અને અદ્ભુત ચમક ધરાવતી એક કાળી-લીલી રંગની લખોટી ચૂપકેથી પોતાના ખિસ્સામાં સંતાડી દીધી. બાકીની બધી લખોટીઓ તેણે દેવને આપી દીધી.

દેવે ખુશી-ખુશી એ પોટલી પોતાની પાસે રાખી લીધી. તેણે શંકા સુદ્ધાં ન કરી કે શિવે એની પાસે બધી લખોટીઓ આપી છે કે નહીં.

સાંજ પડી અને બંને પોતપોતાના ઘેર ગયા. રાત્રે દેવે પોતાની બહેન અને માતા-પિતા સાથે હસતાં-રમતાં વાત કરી અને પોતાની નવી લખોટીઓ બતાવી. તે પોતાની પથારીમાં સૂવા ગયો ત્યારે તેનું મન એકદમ હળવું અને ખુશ હતું. તેણે મિત્રતા સાચા દિલથી નિભાવી હતી, તેથી તેને ખૂબ જ મીઠી અને શાંત ઊંઘ આવી ગઈ.

પરંતુ બીજી તરફ શિવ પોતાની પથારીમાં પડખાં ફરતો રહ્યો. તેના રૂમની બારીમાંથી ચાંદની અંદર આવી રહી હતી, પણ શિવનું મન અંધારા શંકાના વાદળોથી ઘેરાયેલું હતું. ખિસ્સામાં સંતાડેલી એ મોટી લખોટી તેને ખટકતી હતી.

"જેમ મેં મારી સૌથી સુંદર અને મોટી લખોટી સંતાડી દીધી, તેમ શું દેવે પણ પોતાની કોઈ સૌથી સ્વાદિષ્ટ મીઠાઈ મારી પાસે સંતાડી રાખી હશે? તેણે ખરેખર મને બધી જ મીઠાઈ આપી દીધી હશે કે મારી જેમ જ છળ કર્યું હશે?"

શિવે પોતાના સ્વાર્થને લીધે મિત્રતામાં છળ કર્યું હતું. આ છળને કારણે તે દેવ પરનો વિશ્વાસ ખોઈ બેઠો હતો. દેવે તેને પૂરી ઈમાનદારીથી બધું જ આપી દીધું હતું, છતાં શિવ તેના પર અવિશ્વાસ કરવા લાગ્યો હતો. કિંમતી લખોટી અને મીઠાઈ મેળવ્યા પછી પણ શિવના મનને શાંતિ ન મળી, કારણ કે તેણે પોતાની નિષ્ઠા ગુમાવી દીધી હતી.

સવારે જ્યારે સૂરજ ઊગ્યો ત્યારે શિવ થાકેલો અને ઉદાસ હતો. તેને સમજાઈ ગયું કે કપટ કરવાથી વસ્તુઓ તો મળી જાય છે, પણ મનની શાંતિ અને સાચો ભરોસો કાયમ માટે છીનવાઈ જાય છે.

# દુનિયાની સૌથી સુંદર બોર્ડિંગ સ્કૂલોમાં સામેલ થઈ ભારતની આ 172 વર્ષ જૂની સ્કૂલ




હિમાલયની ગોદમાં સ્થિત અને 170 વર્ષથી વધુનો સમૃદ્ધ ઇતિહાસ ધરાવતું કેમ્પસ તેની અદ્ભુત ભૌગોલિક સ્થિતિ, હેરિટેજ આર્કિટેક્ચર અને અનોખા શૈક્ષણિક વાતાવરણ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. ઉત્તરાખંડના મનમોહક હિલ સ્ટેશન મુસુરીમાં આવેલી 'વુડસ્ટોક સ્કૂલ' (Woodstock School) એ વૈશ્વિક સ્તરે ભારતનું ગૌરવ વધાર્યું છે, જ્યારે 'આર્કિટેક્ચરલ ડાઇજેસ્ટ' (Architectural Digest)એ તેને વિશ્વની નવ સૌથી સુંદર બોર્ડિંગ સ્કૂલોમાં સ્થાન આપવામાં આવ્યું છે. હિમાલયના તળેટી ક્ષેત્રમાં આવેલું આ આઇકોનિક કેમ્પસ તેના અદ્ભુત કુદરતી સૌંદર્ય અને સ્થાપત્ય કળા માટે ઓળખાય છે. આવો જાણીએ આ ઐતિહાસિક અને વિશ્વપ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થા વિશેની કેટલીક રસપ્રદ વાતો

**પહાડીઓની વચ્ચે 2000 મીટરની ઊંચાઈ પર સુંદર સ્થિતિ:** વુડસ્ટોક સ્કૂલ ઉત્તરાખંડના મુસુરી નજીક લેન્ડોરમાં દરિયાઈ સપાટીથી લગભગ 2,000 મીટરની ઊંચાઈ પર આવેલી છે. 250 એકરમાં ફેલાયેલું આ કેમ્પસ ઘાટા જંગલો અને મનમોહક પહાડી દ્રશ્યોથી ઘેરાયેલું છે. આ શાંત અને પ્રાકૃતિક વાતાવરણ પરંપરાગત શાળાઓના કેમ્પસ કરતાં સાવ અલગ અને પ્રેરણાદાયી અનુભવ પૂરો પાડે છે.



**172 વર્ષ જૂનો સમૃદ્ધ ઐતિહાસિક વારસો:** વર્ષ 1854માં સ્થાપિત થયેલી વુડસ્ટોક સ્કૂલનો ઇતિહાસ 172 વર્ષ કરતાં પણ વધુ જૂનો છે. તેની શરૂઆત બ્રિટિશ અને અમેરિકન મિશનરીઓના બાળકો માટેના અભ્યાસ કેન્દ્ર તરીકે થઈ હતી. સમય જતાં આ શાળા વિકસિત થઈને આજે ભારતની અને એશિયાની સૌથી જૂની તથા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય બોર્ડિંગ શાળાઓમાંની એક બની ગઈ છે.

**હેરિટેજ સ્થાપત્ય અને મનમોહક કુદરતી વાતાવરણ:** આ શાળા લીલાછમ પહાડી ઢોળાવો વચ્ચે નિર્માણ પામેલી છે. પથ્થરથી બનેલી ઐતિહાસિક ઈમારતો, વૃક્ષોથી ઘેરાયેલા રસ્તાઓ, વિશાળ લીલાછમ મેદાનો અને હિમાલયની પર્વતમાળાઓના દ્રશ્યો આ કેમ્પસના ઐતિહાસિક વારસાને જાળવી રાખીને તેને એક સદાબહાર આકર્ષણ આપે છે.

**બહુસાંસ્કૃતિક અને વૈવિધ્યસભર વૈશ્વિક સમુદાય:** વુડસ્ટોક સ્કૂલમાં વિશ્વના દઝનબંધ દેશોમાંથી આવતા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ બહુસાંસ્કૃતિક વાતાવરણ વિદ્યાર્થીઓને વૈશ્વિક દ્રષ્ટિકોણ, સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને આંતરરાષ્ટ્રીય સ્તરની વિચારસરણી કેળવવામાં મદદ કરે છે.

## બર્થડે




નામ : મિસીકા પટેલ
માતા : વનિતા પટેલ



નામ : ઈનાયા સખીવાલા
માતા : ફરીન સખીવાલા

## રસ્તો શોધો



## તફાવત શોધો



## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 7 | | 2 | | 5 | | 6 | = | 16 |
| 2) | 7 | | 2 | | 5 | | 6 | = | 15 |
| 3) | 7 | | 2 | | 5 | | 6 | = | 24 |

### CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| L | A | D |
| | | |
| | | |
| B | I | G |

### CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 7 | | |
| | | |
| 9 | | 2 |

વર્તુળ: 25, 18 (ઉપર); 22, 10 (નીચે)

### BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને 7 દેશોનાં નામ બનાવો. દા.ત. IN DIA-INDIA

| | | | | |
|---|---|---|---|---|
| ICA | IL | FR | AN | CA |
| EN | AND | ED | AM | EN |
| AU | DA | RA | CE | KA |
| ER | AN | | NA | |
| SW | LIA | GL | SR | ST |

| ચાવી | શબ્દો |
|---|---|
| 6 અક્ષર | 3 |
| 7 અક્ષર | 2 |
| 8 અક્ષર | 1 |
| 9 અક્ષર | 1 |

જવાબ
1. SWEDEN
2. AMERICA
3. SRILANKA
4. CANADA
5. ENGLAND
6. AUSTRALIA
7. FRANCE

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 7 | - | 2 | + | 5 | + | 6 | = | 16 |
| 2) | 7 | × | 2 | - | 5 | + | 6 | = | 15 |
| 3) | 7 | + | 2 | - | 5 | × | 6 | = | 24 |

Q2

| | | |
|---|---|---|
| L | A | D |
| B | A | D |
| B | A | G |
| B | I | G |

Q3

| | | |
|---|---|---|
| 7 | 8 | 5 |
| 6 | 4 | 1 |
| 9 | 3 | 2 |

વર્તુળ: 25, 18 (ઉપર); 22, 10 (નીચે)

## શબ્દો પૂરો

